


# શોપિંગ બેગ બનાવો

આ વિડિયોમાં આપણે બહુ જ સુંદર મલ્ટી-પર્પઝ સ્લિંગ બેગ બનાવવાનું શીખીશું.
જયારે તમારી પાસે એક આકર્ષક બેગ હોય જે તમારી શાનમાં ચાર ચાંદ લગાવી દે, અને જેમાં તમે કેટલોય શોપિંગનો સામાન રાખી શકો, ત્યારે પ્લાસ્ટિકને ના કહેવાનું કેટલું સહેલું છે, નહીં!



તો બનાવીએ એક સુવિધાજનક સુંદર બેગ.
તમને જોઈશે, એક રંગબેરંગી મજબૂત કાપડ જેનો પાનો 18 ઈંચ હોય, અને જે 34 ઈંચ પહોળું હોય.
એક સ્લિંગ હેન્ડલ જે સુંદર અને મજબૂત હોય, જે તમારા શોપિંગનો બધો ભાર લઈ શકે. અને ઘણી બધી ક્રાફ્ટ પિન્સ.







કપડાને પહોળાઈ પ્રમાણે એ રીતે વાળો કે ચત્તી બાજુ અંદરની તરફ સામે-સામે હોય.
બંને તરફની કિનારને સંરેખિત કરી ક્રાફ્ટ પિન્સથી જોડી દો.
ઉપરનો ભાગ ખુલ્લો રાખવાનું ભૂલશો નહીં.
હવે કપડાને મશીન પર સીવવા લાગો.
સ્ટિચ પેટર્ન સિલેક્ટરને A પર અને સ્ટિચ લેન્થને 2 થી 3 ની વચ્ચે રાખો.
હવે સીવવાનું શરુ કરીએ.
બંને છેડાને રિવસ સ્ટિચ લેવરથી જોડવાનું યાદ રાખો.
પિન લગાવેલા ભાગને કિનારથી પૂરું સીવી લો.
હવે દોરો કાપી લો અને સીવેલી સાઈડની પિન્સ કાઢી લો.









હવે આ જ રીતે બીજી બાજુ પણ સીવી લો.
હવે સિવાયેલી સાઈડ્સની કિનાર પર ઓવર-એજ સ્ટિચનો ઉપયોગ કરો.
આના માટે સ્ટિચ પેટર્ન સિલેક્ટરને C પર અને સ્ટિચ લેન્થ ને 1 પર રાખો.
હવે કપડાને ફુટની નીચે બરાબર વચમાં રાખો જેથી સોયના કાણાં સ્પષ્ટ દેખાય.
સોય કપડાંની કિનાર સુધી બરાબર ચાલી રહી છે કે નહીં તે છેક કરવા માટે બેલેન્સ વ્હીલ હાથથી ફેરવો.
હવે ધ્યાનથી આ કાચી કિનાર પર મજબૂત સિલાઈ કરો.
કપડું કાઢીને બંને તરફના વધારાના દોરા કાઢી નાખો. જો કોઈ દોરા કિનારથી નીકળી રહ્યા હોય તો તેમને પણ કાપી નાખો. આનાથી કિનારને સરસ ફિનિશિંગ મળશે.
હવે ઉપરની કિનારને વાળીને હેન્ડલ લગાવવાનું છે.
એક તરફથી વાળવાનું શરુ કરો. પહેલા પા ઇંચ અને અને એની ઉપર અડધો ઇંચ વાળો.
આની અંદર સ્લિંગ બેગનું હેન્ડલ ખોસી વાળી દો, અને પિન્સથી બધા લેયર એકસાથે જોડી દો.
આ રીતે બીજા છેડા સુધી કપડું વાળતા જાઓ અને પિન્સ લગાવતા જાઓ.
ધ્યાન રાખો કે બેગના હેન્ડલમાં કોઈ ચોળ ના પડે.
હવે હેન્ડલનો બીજો છેડો પણ જોડી દો.
જયારે બધેથી વાળી પિન્સ લગાવી દીધી હોય, તમે સીવવા માટે તૈયાર છો.
સ્ટિચ પેટર્ન સિલેક્ટરને A પર અને સ્ટિચ લેન્થને 2 થી 3 ની વચ્ચે રાખો.
હવે કિનાર પર સીવવાનું શરુ કરો. અને હા, પિન્સ કાઢવાનું ભૂલશો નહીં!
હેન્ડલને વધુ ટકાઉ અને મજબૂત બનાવવા માટે, એને એકવાર ફરી બરાબર ફોલ્ડની પાસે આ રીતે સીવો.
હવે સીવેલા ભાગ પર ઈસ્ત્રી ફેરવો અને અંદરની સાઈડ બહાર પલટાવી બેગને ચત્તી કરો.
ખૂણા કાઢી સરખા કરો.
હવે તમે પોતાની નવી એન્વાયર્નમેન્ટ ફ્રેન્ડલી બેગનો ઉપયોગ નિંઃસકોચ કરી શકો છો.



તો હવે બેગ્સ બનાવો અને મિત્રો તથા સંબંધીઓને ભેટ આપો. પર્યાવરણને માટે આ તમારું નાનું પગલું હશે અને માટે તમે જરૂર બહુ જ પ્રશંસા મેળવશો.